ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેક્નીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫
સમક્ષ

કેસ નં. ૧૦૫/૨૦૧૭

અરજદાર : મે. ગોમતી પ્રોસેસર લિમિટેડ
પ્લોટ નં.એ-૧-૨૪૨, રોડ નં.૨, ગોદરેજની સામે
જી.આઈ.ડી.સી.,સચિન. સુરત-૩૯૪૨૨૧.

રજૂઆત કરનાર: કોઈ હાજર ન રહ્યું.

વિરૂધ્ધ

સામાવાળા : નાયબ ઈજનેર,
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ,
ઈન્ડસ્ટ્રીયલ પેટા-વિભાગીય કચેરી, સચિન. સુરત.

રજૂઆત કરનાર: શ્રી જે.એસ.કેદારીયા, કાર્યપાલક ઈજનેર, ડીજીવીસીએલ, સુરત.
શ્રી એચ.આર.મોદી, નાયબ ઈજનેર, ડીજીવીસીએલ, સચિન

::: રજૂઆત:::

૧.૦. અરજદારે, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, સુરતના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની ફરિયાદ નં. ૧૧૨/૨૦૧૭-૧૮ અન્વયે અપાયેલ હુકમ ક્રમાંક ૧૪૫૮૧ તા.૦૮.૦૯.૨૦૧૭ ના હુક્મથી નારાજ થઈ અત્રે રજૂઆત કરેલ છે. જે રજૂઆતને આ કચેરીના કેસ રજીસ્ટરે દાખલ કરી કેસ નં.૧૦૫/૨૦૧૭ થી નોંધેલ છે. આ કેસની સુનવણી તા. ૧૬.૧૧.૨૦૧૭ ના રોજ રાખવામાં આવેલ. **સદર કેસની બીજી સુનવણી તા.૩૦.૧૧.૨૦૧૭ ના રોજ રાખવામાં આવેલ. બન્નેવ સુનવણી દરમ્યાન અરજદાર ગેરહાજર રહ્યા.**

૨.૦. અરજદારે નીચે લેખિત રજૂઆત કરી.

૨.૧. અરજદાર, મે. ગોમતી પ્રોસેસર લિમિટેડ, પ્લોટ નં. એ-૧/૨૪૨, રોડ નં.૨, ગોદરેજની સામે, જી.આઈ.ડી.સી., સચિન, સુરત ખાતે ગ્રાહક નં. ૧૨૩૦૬/૦૯૫૦૪/૩ થી ૯૮ કિ.વો. વીજભારનું ઔદ્યોગિક વીજ જોડાણ ધરાવે છે.

૨.૨. અરજદારને સદર વીજ જોડાણવાળી ફેક્ટરીના વિસ્તરણ અર્થે વધુ વીજભારની જરૂર હોવાથી, 300 KVA ના વીજભાર માટેની ઓન લાઈન અરજી સામાવાળા વીજ કંપનીની

વેબ-સાઈટ પર કરેલ છે, જે અંગેના જરૂરી દસ્તાવેજો અરજી સાથે સામાવાળા વીજ કંપનીની ઈન્ડસ્ટ્રીયલ વિભાગીય કચેરી, પાંડેસરા, સુરત ખાતે જમા કરેલ છે. સામાવાળાને વખતો વખત મુલાકાત લઈને સદર 300 KVA વીજભારના એચ.ટી. વીજ જોડાણ માટે નોંધણી ફી સ્વીકારવા વિનંતી પણ કરેલ છે, તેમ છતાં અરજદારની અરજીની નોંધણી સામાવાળા દ્વારા કરવામાં આવેલ નથી, અને અરજદારે ઓન-લાઈન કરેલ અરજીને સામાવાળાએ રદ કરેલ છે.

૨.૩. સામાવાળા વીજ કંપનીની ઈન્ડસ્ટ્રીયલ વિભાગીય કચેરી, પાંડેસરા, સુરતના અધિકારીની મુલાકાત કરતાં તેઓએ જણાવેલ છે કે સદર પ્લોટ પર સામાવાળા વીજ કંપનીની વીજબીલની રકમ ભરપાઈ કરવાની બાકી નીકળતી હોઈ, નવા 300 KVA વીજભારના એચ.ટી. વીજ જોડાણની અરજીને સ્વિકારવામાં આવેલ નથી.

૨.૪. અરજદારે સદર બાબત અંગે જણાવેલ કે અરજદાર મે. ગોમતી પ્રોસેસર લિમિટેડ, પ્લોટ નં. એ-૧/૨૪૨, રોડ નં.૨, ગોદરેજની સામે, જી.આઈ.ડી.સી., સચિન, સુરત ખાતે ગ્રાહક નં. ૧૨૩૦૬/ ૦૯૫૦૪/૩ થી ૯૮ કિ.વો. વીજભારનું LTMD tariff નું ઔદ્યોગિક વીજ જોડાણ તા. ૧૨.૦૮.૧૪ થી ધરાવે છે. અરજદાર વીજબીલ નિયમિત રીતે ભરતા આવેલ છે અને સામાવાળા વીજ કંપનીની કોઈ પણ જાતની રકમ આજ દિન સુધી બાકી પડતી નથી તેમજ મે. ગોમતી પ્રોસેસર લિમિટેડના નામે અન્ય કોઈ જગ્યાએ સામાવાળા વીજ કંપનીનું લેણુ બાકી નથી.

૨.૫. (૧) સામાવાળા વીજ કંપનીના પંડેસરા કચેરીના જણાવ્યા મુજબ પ્લોટ નં.એ૧/૨૪૩. જી.આઈ.ડી.સી., સચિન, સુરત ખાતે તા.૦૮.૦૭.૧૯૮૭ માં મે.દિનેશ સિલ્ક મિલ્સના નામે ૧૨૫ હો.પા. નું વીજ જોડાણ ચાલુ હતું. તા. ૧૬.૦૨.૧૯૯૩ માં સદર વીજ જોડાણની ચકાસણીના સંદર્ભમાં રૂ.૧૧,૭૯,૭૭૫.૭૦ નું વીજબીલ આપવામાં આવેલ હતું, જે રકમ આજદિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી. આ બાબતે અરજદારે જણાવેલ કે સદર પ્લોટ નં.એ૧/૨૪૩ મે. ગોમતી પ્રોસેસર્સના નામે, કે જે એક ભાગીદારી પેઢી છે તેના નામે આજ પ્લોટ મે. ગોમતી પ્રોસેસર્સના નામે હળવા દબાણનું ૧૪ કિ.વો. નું વીજ જોડાણ કાર્યરત છે. આ વીજ જોડાણ પેટે કોઈ રકમ ભરવાની બાકી નથી.

(૨) પ્લોટ નં.એ૧/૨૪૨ ની માલિકી મે. ગોમતી પ્રોસેસર્સ પ્રા. લિમિટેડના નામે છે અને પ્લોટ નં.એ૧/૨૪૩ ની માલિકી મે. ગોમતી પ્રોસેસર્સ કે જે એક ભાગીદારી પેઢીના નામે છે. મે. ગોમતી પ્રોસેસર્સ પ્રા. લિમિટેડ અને મે. ગોમતી પ્રોસેસર્સ આ બન્ને કંપની વચ્ચે કોઈપણ જાતનો સંબંધ નથી, તથા નાણાંકીય વ્યવહાર પણ નથી. આ બન્ને પ્લોટોના માલિકો જુદા જુદા છે.

(૩) પ્લોટ નં. એ૧/૨૪૩, જી.આઈ.ડી.સી. સચિન, સુરત ખાતે 350 KVA વીજભારનું ભારે દબાણનું વીજ જોડાણ મે. ગોમતી પ્રોસેસર્સના નામેથી તા.૨૮.૦૯.૧૯૮૨

થી ગ્રાહક નં.૧૦૪૦૨ થી કાર્યરત કરવામાં આવેલ હતું, જે વીજ જોડાણ તા. ૦૧.૧૨.૨૦૧૧ ના રોજ કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ. ત્યાર બાદ એ જ પ્લોટ નં.એ૧/૨૪૩, જી.આઈ.ડી.સી. સચિન, સુરત ખાતે નવું હળવા દબાણનું ૧૫ કિ.વોટ વીજભારનું વીજ જોડાણ ગ્રાહક નં.૧૨૩૦૬/૦૯૩૬૩/૬ થી મે.ગોમતી પ્રોસેસર્સ, કે જે એક ભાગીદારી પેઢી છે તેને નામે નવું વીજ જોડાણ આપવામાં આવેલ હતું, જે હાલમાં કાર્યરત છે.

૨.૬. પ્લોટ નં. એ૧/૨૪૩ કે જે મે. ગોમતી પ્રોસેસર્સના નામે વીજ જોડાણ ચાલુ છે, જેમાં સામાવાળા વીજ કંપની દ્વારા આશરે ૨૪ વર્ષનો સમયગાળો વીતી જવા છતાં કોઈપણ જાતની રૂ.૧૧,૭૯,૭૭૫.૭૦ ની બાકી રકમ પેટે ઉધરાણી કે બાકી રકમ ભરપાઈ કરવા કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૨.૭. અરજદારના પ્લોટ નં. એ૧/૨૪૨, જી.આઈ.ડી.સી.,સચિન, સુરત ખાતે સામાવાળા વીજ કંપનીના કોઈપણ જાતનાં લેણાં બાકી નથી તેમજ વીજબીલ પણ નિયમિત રીતે ભરપાઈ કરવામાં આવેલ છે.

૨.૮. ફોરમ દ્વારા અરજદારની ફરિયાદ સંદર્ભે ધ્યાન આપેલ ન હોઈ તથા પ્લોટ નં.અ-૧/૨૪૩ ના બાકી નાણાં ભરપાઈ કરવા કરેલ હુકમ ગેરવ્યાજબી છે.

૨.૯. અરજદારે નવા એચ.ટી. વીજ જોડાણ કે જેનો વીજભાર 300KVA ની અરજીને નોંધણી કરવા તથા વીજ જોડાણ વહેલી તકે ચાલુ કરવા સામાવાળાને હુક્મ કરવા વિનંતી કરી.

૩.૦. સુનવણી દરમ્યાન સામાવાળાએ નીચે મુજબ રજુઆત કરી.

૩.૧. અરજદારે નવું એચ.ટી. વીજજોડાણ મેળવવા માટે નીચે મુજબ અરજી કરેલ છે.

Name: M/s. Gomti Processors Limited
HT Consumer No.: New HT connection.
Address: Plot No.A1/242, Road No.2, GIDC, Sachin, Surat.
Application for: 300KVA contracted load.

૩.૨. અરજદાર મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડ, પ્લોટ નં.એ૧/૨૪૨, રોડ નં.૨, જી.આઈ.ડી.સી., સચિન, સુરત, કે જે ૨૭૦૧.૮૬ ચો.મી. એરીયાનો છે, તેમાં ઔદ્યોગિક હેતુનું LTMD tariff નું ૯૮ કિ.વોટ કરારીત વીજભારનું વીજ જોડાણ ગ્રાહક નં.૧૨૩૦૬/૦૯૫૦૪/૩ થી તા. ૧૨.૦૮.૨૦૧૪ થી ધરાવે છે. મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડ કંપનીમાં નીચે મુજબના ચાર ડિરેક્ટર છે.

(૧) શ્રી રાધેશ્યામ તુલસીયાન
(૨) શ્રી દિનેશકુમાર તુલસીયાન
(૩) શ્રી રાજકુમાર તુલસીયાન
(૪) શ્રી અનિલકુમાર તુલસીયાન

પ્લોટ નં.એ૧/૨૪૨ માં મે.ગોમતી પ્રોસેસર્સ લિમિટેડના ડિરેક્ટર તરીક શ્રી રાજકુમાર તુલસીયાને સહી કરેલ છે, એટલે કે મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડમાં અધિકૃત

હસ્તાક્ષરમાં શ્રી રાજકુમાર તુલસીયાનને નિમેલા હતા, જેમાં હળવા દબાણથી ભારે દબાણના વીજભાર માટે 300 KVA ના વીજ જોડાણની માંગણી કરવામાં આવેલ છે.

૩.૩. પ્લોટ નં.એ૧/૨૪૨ ની બાજુમાં અડીને આવેલ પ્લોટ નં. એ૧/૨૪૩ છે, જેના માલિક મે.ગોમતી પ્રોસેસર્સ ભાગીદારી પેઢી છે. જી.આઈ.ડી.સી. દ્વારા વર્ષ ૧૯૯૬ માં કરવામાં આવેલ allotment મુજબ સદર પ્લોટનો કબ્જો શ્રી રાજકુમાર તુલસીયાન (ભાગીદાર) દ્વારા લેવામાં આવેલ હતો. સદર પ્લોટ નં. એ૧/૨૪૩ ની દક્ષિણ તરફની 20' x 30' ની જગ્યામાં મે. ગોમતી પ્રોસેસર્સ અને મે. દિનેશ સિલ્ક મીલ્સ વચ્ચે ભાડા કરાર કરવામાં આવેલ અને નવા વીજ જોડાણની માગણી કરવામાં આવેલ. મે. દિનેશ સિલ્ક મીલ્સ વતી પ્રોપ્રાઈટર તરીકે શ્રી દિનેશકુમાર તુલસીયાન છે, જે મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડના ડિરેક્ટર છે, એટલે કે મે. ગોમતી પ્રોસેસર્સના ભાગીદાર સાથે મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડના ડિરેક્ટર, કે જેઓ મે. દિનેશ સિલ્ક મીલ્સના પ્રોપ્રાઈટર છે, તેમની વચ્ચે કરાર થયેલ છે. આ ભાડા કરાર દ્વારા મે. દિનેશ સિલ્ક મીલ્સના માલિક શ્રી દિનેશકુમાર તુલસીયાન દ્વારા તા.૦૮.૦૭.૧૯૮૭ ના રોજ 125 HP ના વીજ જોડાણની માગણી કરવામાં આવેલ અને સદર વીજ જોડાણ તા.૨૦.૧૦.૧૯૮૭ ના રોજ આપવામાં આવેલ હતું.

૩.૪. પ્લોટ નં.એ૧/૨૪૩ પૈકી દક્ષિણ તરફની ૨૦' x ૩૦' ની જગ્યામાં મે. દિનેશ સિલ્ક મીલ્સના નામે હળવા દબાણના વીજ જોડાણ ગ્રાહક નં.૧૨૩૦૬/૦૫૦૧૫/૫ નું ચેકીંગ સ્ક્વોડ દ્વારા તા.૧૬.૦૨.૧૯૯૩ ના રોજ ચેકીંગ શીટ નં.૪૧૦૪ મુજબ ચેકીંગ કરવામાં આવેલ, જે અંગે સામાવાળા દ્વારા વીજચોરી અંગેનું રૂ.૧૧,૭૯,૭૭૫/- નું વીજબીલ આપવામાં આવેલ, જે વીજબીલ અંગેનાં નાણાં ભરપાઈ કરેલ ન હોઈ, સદર વીજ જોડાણ કાયમી ધોરણે રદ (PDC) કરવામાં આવેલ. હાલમાં પ્લોટ નં.એ૧/૨૪૩ પર આવેલ વીજ જોડાણ અન્વયે નવેમ્બર,૨૦૧૭ ના અંત સુધીનું રૂ.૧૩,૨૧,૧૧૩.૨૮ નું વીજબીલ બાકી લેણાં પેટે છે.

૩.૫. મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડના નામથી પ્લોટ નં.એ૧/૨૪૨ નો કબ્જો જી.આઈ.ડી.સી. દ્વારા આપવામાં આવેલ છે, જે શ્રી રાજકુમાર તુલસીયાન દ્વારા હસ્તગસ્ત કરવામાં આવેલ. પ્લોટ નં.એ-૧/૨૪૩ નો કબ્જો મે. ગોમતી પ્રોસેસર્સ ભાગીદારી પેઢીને જી.આઈ.ડી.સી. સત્તામંડળ તરફથી આપવામાં આવેલ છે, જે શ્રી રાજકુમાર તુલસીયાન દ્વારા હસ્તગસ્ત કરવામાં આવેલ, જે મે. ગોમતી પ્રોસેસર્સના ભાગીદાર છે. આમ,શ્રી રાજકુમાર તુલસીયાન બન્ને પ્લોટમાં સહમાલિક હોવાનું સ્પષ્ટ થાય છે.

૩.૬. મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડ અને મે. દિનેશ સિલ્ક મીલ્સના વીજ જોડાણોના (premises ના) પ્લોટ એક જ માલિકીના હોઈ, પ્લોટ નં.એ-૧/૨૪૩ ના બાકી લેણાં હોવાના કારણે, પ્લોટ નં.એ૧/૨૪૨ પર નવું વીજ જોડાણ ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના સપ્લાય કોડ,૨૦૧૫, કલમ નં.૪.૩૦ મુજબ આપી શકાય નહી.

૩.૭. મે. દિનેશ સિલ્ક મીલ્સ દ્વારા વીજચોરીના બીલ માટે ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત ખાતે કેસ નં. ૬૧૯/૧૯૯૩ થી સિવિલ દાવો દાખલ કરેલ, જેનો હાલનો દાવા નં.૩૫૦/૨૦૦૭ છે, જે દાવો હાલમાં પડતર છે, તથા પુરાવાના સ્ટેજ પર છે.

૩.૮. પ્લોટ નં.એ૧/૨૪૩, જી.આઈ.ડી.સી. સચિન, સુરત ખાતે 350 KVA નું ભારે દબાણનું વીજ જોડાણ મે. ગોમતી પ્રોસેસર્સના નામથી તા.૨૮.૦૯.૧૯૯૨ ના રોજ ગ્રાહક નં. ૧૦૪૦૨ થી કાર્યરત કરવામાં આવેલ જે તા. ૦૧.૧૨.૨૦૧૧ ના રોજ ગ્રાહકની અરજીના અનુસંધાને કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ છે.

૩.૯. અરજદારની હાલની નવા HT વીજ જોડાણની માંગણી સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તરીકે હાલના ડિરેક્ટર તરીકે શ્રી આકાશ રાજકુમાર તુલસીયાન તથા ઉપરોક્ત શ્રી રાજકુમાર તુલસીયાન બતાવેલ છે. શ્રી રાજકુમાર તુલસીયાને મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડના ડિરેક્ટર તરીકે રાજીનામુ દર્શાવતુ ફોર્મ-૩૨ રજૂ કરેલ છે, જે માત્ર ને માત્ર પ્લોટ નં.એ૧/૨૪૩ ના બાકી લેણાંની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ છે. હાલના ડિરેક્ટર શ્રી આકાશ રાજકુમાર તુલસીયાન (પુત્ર) તથા શ્રીમતી ઉમાબેન રાજકુમાર તુલસીયાન (પત્ની) છે, જે શ્રી રાજકુમાર તુલસીયાનના વારસદારો છે. આમ સદર બાકી લેણાંની ભરપાઈ કરવાની જવાબદારી કાયદની રૂએ તેમની પણ બને છે.

૩.૧૦. પ્લોટ નં. એ-૧/૨૪૨ તથા પ્લોટ નં. એ૧/૨૪૩ ના માલિકો એક જ છે. મે. ગોમતી પ્રોસેસર્સ દ્વારા તા.૩૧.૦૭.૨૦૧૭ ના રોજ સામાવાળા વીજ કંપની, પેટા વિભાગીય કચેરી, સચિન ખાતે પ્લોટ નં.અ-૧/૨૪૩ માં મે. દિનેશ સિલ્ક મીલ્સના વીજ ચોરીની તકરાર અને પુરવણી બીલ બાબતનો કેસ લોક અદાલતમાં સમાધાન કરવા માટે અરજી આપવામાં આવેલ છે. જેથી સ્પષ્ટ છે કે પ્લોટ નં.એ-૧/૨૪૩ ના માલિક તરીકે સમાધાનની તૈયારી દર્શાવેલ છે, એટલે કે પ્લોટ નં.એ૧/૨૪૩ ના માલિક મે. ગોમતી પ્રોસેસર્સ છે. આમ, સપ્લાય કોડની કલમ ૪.૩૦ પ્રમાણે પ્લોટ નં.એ-૧/૨૪૨ પર નવું વીજ જોડાણ કે લોડ વધારો આપી શકાય નહીં.

૩.૧૧. મે. ગોમતી પ્રોસેસર્સ લિમિટેડ અને મે. દિનેશ સિલ્ક મીલ્સના મિલકતના માલિક એક બીજા સાથે સંકળાયેલ છે, જેથી પ્લોટ નં.એ૧/૨૪૩ ના બાકી લેણાંને કારણે નવું વીજ જોડાણ સપ્લાય કોડ,૨૦૧૫ ની કલમ નં.૪.૩૦ મુજબ આપી ન શકાય.

૩.૧૨. સામાવાળાએ સદર પ્રકારની રજૂઆત પરત્વે વિદ્યુત લોકપાલ સમક્ષના કેસ નં.૬૫/૨૦૧૨, શ્રીમતી પવતબેન પરવતસિંહ રાજપુત V/s દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, તેમજ કેસ નં.૫૬/૨૦૧૨, શ્રી મોહમદ અસગર મોહમદ અસલમ અંસારી V/s ટોરેન્ટ પાવર લિમિટેડ તથા કેસ નં.૧૬૨/૨૦૧૫ ના હુકમને ધ્યાને લેવા જણાવેલ.

૩.૧૩. અરજદારની નવું વીજ જોડાણ મેળવવા અંગેની ફરિયાદને રદ કરતો હુકમ ફોરમ દ્વારા કરવામાં આવેલ છે. પ્લોટ નં.એ૧/૨૪૩ પર મે. દિનેશ સિલ્ક મીલ્સના બાકી લેણાંના કારણે, તેમજ પ્લોટ નં.એ૧/૨૪૨ તથા પ્લોટ નં.એ૧/૨૪૩ ના માલિકો એક જ હોઈ,

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સપ્લાય કોડ જાહેરનામા નં. ૪/૨૦૧૫, કલમ નં. ૪.૩૦ મુજબ અરજદારની માંગણી મુજબનું વીજ જોડાણ માન્ય રાખી શકાય નહીં.

:::ચુકાદો:::

૪.૦. અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સુનવણી દરમ્યાન સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદારે તા.૨૯.૧૧.૨૦૧૭ ના પત્ર દ્વારા જણાવેલ છે કે તેઓ સામાવાળા વીજ કંપનીમાં Amnesty Scheme માં અરજી કરનાર છે તથા Amnesty Scheme મુજબ જરૂરી નાણાં જમા કરાવવા ઈચ્છે છે. જે સંજોગોમાં અરજદાર હાલની સદર રજૂઆત આગળ ચલાવવા માગતા નથી, અને સદર રજૂઆતને પરત ખેંચવા જણાવેલ છે.

૪.૨. પેરા નં.૩.૧૦ માં દર્શાવ્યા મુજબ અરજદારે સામાવાળા વીજ કંપનીની વીજબીલની બાકી રકમ અંગે લોક અદાલતમાં સમાધાન કરવા અર્થે અરજી પણ દાખલ કરેલ છે.

૪.૩. ઉપર્યુક્ત બાબતને ધ્યાને લેતાં અરજદારની હાલની રજૂઆત પરત ખેંચવાની વિનંતી માન્ય રાખવામાં આવે છે, જેથી અત્રેથી કોઈ હુકમ નથી.

૪.૪. આથી આ રીતે પેરા નં.૪.૩ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૫. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૬. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૦૪.૧૨.૨૦૧૭.